શાંત મગજ એ જ મોટા ભાગની સમસ્યાઓનું ઓસડ છે
- ફાધર વાલેસ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૩૧૭ | ૩૧ જાન્યુઆરી, ૨૦૧૫, શનિવાર ; મહા સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ઈ-ગવર્નન્સ થકી ગુડ ગવર્નન્સ-સક્ષમ માર્ગ

### મહાત્મા મંદિર ખાતે દ્વિ દિવસીય ૧૮મી નેશનલ ઈ-ગવર્નન્સ કોન્ફરન્સનો પ્રારંભ : ગાંધીજીની સર્વોદયની ભાવના આધુનિક ટેકનોલોજીના યુગમાં સાકાર કરવાનો શ્રેષ્ઠ માર્ગ : મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૩૦

મહાત્મા ગાંધીની સર્વોદયની ભાવના વર્તમાન ટેકનોલોજીના આધુનિક યુગમાં સાકાર કરવા ઈ ગવર્નન્સના માધ્યમથી ગુડ ગવર્નન્સ એક સક્ષમ માર્ગ હોવાનો વિશ્વાસ મુખ્યમંત્રી આનંદીબેન પટેલે વ્યક્ત કર્યો છે. મહાત્મા મંદિર ખાતે આજથી શરૂ થયેલી ઈ-ગવર્નન્સની ૧૮મી નેશનલ કોન્ફરન્સ દરમિયાન વિવિધ રાજ્યોના ૨૨ પ્રોજેક્ટને ગોલ્ડ અને સિલ્વર મેડલ પણ એનાયત કરવામાં આવ્યા હતા.




ઈ-ગવર્નન્સ કોન્ફરન્સના પ્રારંભે મુખ્યમંત્રી આનંદીબેન પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં અનેક ઈ-જન કલ્યાણ યોજનાઓ લાભાર્થી સમુદાય સુધી પહોંચાડવામાં આવી છે. જેના લીધે ભ્રષ્ટાચાર, ગેરરિતી તેમજ અનિયમિતતા પણ દૂર કરી શકાઈ છે. તેમણે ઈ-ગવર્નન્સના અભિનવ પ્રયોગ સ્વાગત, જન ફરિયાદ નિવારણ, ઈ.નગર, ઈ.મમતા જેવા કાર્યક્રમો પણ ટેકનોલોજીના માધ્યમથી ઉપયોગી બન્યા હોવાનુ જણાવ્યુ હતુ. તેમને વડાપ્રધાનના મેઈક જન ઈન્ડિયા ડીઝીટલ ઈન્ડિયાના વિઝનમાં યોગદાન આપવા આઈ.ટી. ઉદ્યોગોને અનુરૂપ યુવા કૌશલ્ય નિર્માણ માટે કૌશલ્યવર્ધન કાર્યક્રમો શરૂ કર્યા હોવાનુ પણ જણાવ્યુ હતુ. આ તબક્કે મુખ્યમંત્રીના હસ્તે ડીઝીટલ ગુજરાત-ગતિશીલ ગુજરાત સ્ટેપ ટુ વર્ડઝ ડીઝીટલ ઈન્ડીયા કોફી ટેબલ બુકનું પણ વિમોચન કર્યું હતું. તેમણે ડીઝીટલ ઈન્ડીયાના લક્ષ્યને પૂર્ણ કરવા સાથે ઈ.વેસ્ટ વ્યવસ્થાપનને પણ સમાંતર વેગ આપી સ્વચ્છ ભારતના અયિાનને સાકાર કરવા આહ્‌વાન કર્યું હતું. પ્રમુખ આર ચંદ્રશેખરે પણ છેલ્લા બે દાયકામાં ટેકનોલોજીના વિકાસથી ઘણું પરિવર્તન આવ્યું હોવાનુ જણાવી શિક્ષણ તેમજ આરોગ્ય ક્ષેત્રે પણ ઈ. ગવર્નન્સના ઉપયોગથી ઝડપી પરિણામ મળશે તેવી આશા વ્યક્ત કરી હતી. તેમણે ઉદ્યોગોમાં ઈ-ગવર્નન્સની હિમાયત કરી પ્રોજેક્ટના અમલીકરણમાં પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ તેમજ જી.એમ.ટી. જેવા ક્ષેત્રે ભાર આપવા પણ જણાવ્યું હતું. કેન્દ્રના ઈલેક્ટ્રોનિકસ અને ઈન્ફોર્મેશન ટેકનલોજી વિભાગના સચિવ આર.એમ. શર્માએ પણ આ કોન્ફરન્સને દેશ માટેના રોડ મેપ ઓફ ઈ-ગવર્નન્સ સમી ગણાવી હતી. પી.એમ.ના ડીઝીટલ ઈન્ડીયાના સ્વપ્રને સાકાર કરવા દેશના તમામ રાજ્યોએ પ્રયાસ કરવા પડશે તેમ પણ ઉમેર્યુ હતુ.

મુખ્ય સચિવ ડી.જે. પાંડિયને સ્વાગત પ્રવચન કરતાં જણાવ્યું હતું કે, ગુજરાતે ગુડ ગવર્નન્સ માટે ઘણા સમય પહેલા ઈ-ગવર્નન્સ કન્સેપ્ટ અપનાવ્યો છે. આજે ગુજરાતે લગભગ બધા જ ક્ષેત્રોમાં ઈ-ગવર્નન્સ અપનાવ્યું છે. ગુજરાત ઓન લાઈન વોટીંગ શરૂ કરવામાં પ્રથમ રાજ્ય છે. આ બે દિવસના યોજાનાર સિટીઝન સર્વિસ, સ્કીલ ડેવલપમેન્ટ, સ્માર્ટ સીટી, સોશ્યલ મીડિયા જેવાં વિવિધ સેમિનારો ઉપયોગી બની શકશે.

ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ એડમીનીસ્ટ્રેટીવ રિફોર્મ્સ એન્ડ પબ્લિક ગ્રીવન્સ (ડી.એ.આર.પી.જી.), મીનીસ્ટ્રી ઓફ પર્સોનલ, ડીપાર્ટમેન્ટ ઓફ ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઈન્ફર્મેશન ટેકનોલોજી, મીનીસ્ટ્રી ઓફ કોમ્યુનિકેશન એન્ડ ટેકનોલોજી તેમજ

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : કશ્યપ નિમાવત)

શિયાળાનું સૌંદર્ય - શિયાળામાં પ્રકૃતિનો વૈભવ મન મૂકીને ખીલે છે... પાન અને પુષ્પ ઉપર ઝાકળના બિંદુઓ જાણે પ્રકૃતિનું વ્હાલ વરસાવતા હોય એવું અલૌકિક દૃશ્ય શિયાળાની સવારે નિર્માણ થાય છે...

## આપણે ડીઝીટલ ઈન્ડિયાના સપનાને સાકાર કરી શકીશું

ગાંધીનગર, તા.૩૦

મહાત્મા મંદિર ખાતે આયોજિત ૧૮મી નેશનલ કોન્ફરન્સ ઓન ઈ-ગવર્નન્સના ભાગરૂપે વિવિધ વિષયો ઉપર આજે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉદઘાટન સમારોહ પૂર્ણ થયાં બાદ ડિજિટલ ગવર્નન્સ-ન્યુ ફ્રન્ટિયર્સ વિષય ઉપર આયોજિત સેમિનારમાં વિવિધ ક્ષેત્રના અગ્રણી અને નિષ્ણાંતોએ ડિજિટલ ગવર્નન્સ, તેની સાથે લોકોને કેવી રીતે સાંકળી શકાય તેમજ સામાન્ય જનતા સુધી તેની પહોંચ વધારીને ગવર્નન્સમાં તેમની હિસ્સેદારીથી દેશની પ્રગતિને કેવી રીતે બળ આપી શકાય વગેરે જેવાં મુદ્દા ઉપર પોતાના મંતવ્યો રજૂ કર્યા હતાં.

## ડીઝીટલી સ્માર્ટ ઈન્ડીયાના નિર્માણમાં કોન્ફરન્સ પરિણામદાયી બનશે : નરેન્દ્ર મોદી

મહાત્મા મંદિર ખાતે આજથી શરૂ થયેલી ઈ-ગવર્નન્સની ૧૮મી નેશનલ કોન્ફરન્સના પ્રારંભે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટવીટરના માધ્યમથી શહિદ દિને તમામ શહીદોને શ્રધ્ધાંજલિ અર્પી હતી. તેમણે જણાવ્યું હતું કે દેશ ડીઝીટલી એમ્પાવર્ડ બને અને દેશમાં નોલેજ બેઈઝડ સોસાયટીના નિર્માણ માટે 'ડીઝીટલી ઈન્ડીયા'ના સંકલ્પને સાકાર કરવો પડશે. તેમણે વિશ્વને મોબાઈલમાં સમાવવાની વાત કરી ટેકનોલોજીની મહત્તા, ઈ-ગવર્નન્સનું મહત્વ અને મોબાઈલ ગવર્નન્સની શકિતને વિકાસ સાથે જોડવાની હીમાયત કરી હતી. તેમણે ડીઝીટલી સ્માર્ટ ઈન્ડીયાના નિર્માણમાં કોન્ફરન્સ પરિણામદાયી બની રહેશે તેવી શુભેચ્છા પણ પાઠવી હતી.


જોઈએ છે
સદ્‌વિચાર પરિવાર
વિકલાંગ પૂનર્વસન કેન્દ્ર
તા. ઉવારસદ, ગાંધીનગરને
તેના નવા ફિઝીયોથેરાપી કેન્દ્ર માટે
ટ્રેઈન્ડ ફિઝીયોથેરાપીસ્ટ-૨
(૧ મહિલા - ૧ પુરૂષ)
દરરોજ ૯ થી ૧ વાગ્યા સુધીની ફરજ
તા.૭-૨-૨૦૧૫ પહેલાં
અરજી મોકલવાનું સરનામું
મેનેજીંગ ટ્રસ્ટી, સદ્‌વિચાર પરિવાર, મેરીઅટ હોટલ પાસે, જોધપુર ટેકરા, અમદાવાદ-૩૮૦૦૧૫.

ભેજનું 100% નિવારણ
૫ વર્ષની ગેરંટી
HOME SOLUTION
9558189429



૧૮, અભિમન્યુ કોમ્પલેક્ષ, લક્ષ્મી ગાંઠીયારથની સામે, શાસ્ત્રીનગર, નારણપુરા, અમદાવાદ.
(અમારા શો-રૂમની મુલાકાતથી નવીન ડિઝાઈન જોવા મળશે અને ફાયદો થશે)

